# સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલીટી રીસર્ચ

## વર્ષ ૨૦૨૩-૨૪ અન્વયે ઓનલાઈન અરજીઓનું વેરીફીકેશન કરાવવા બાબત

શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ તા.૦૫-૦૮-૨૦૧૯થી રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા "શોધ" (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે.

જે વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય સરકારી, સેકટોરલ અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થા ખાતે પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા. ૦૧/૦૭/૨૦૧૮ પછી પ્રવેશ મેળવેલ હોય અને સંશોધન માટે રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાની કોઈ શિષ્યવૃત્તિ મેળવતો ન હોય કે કોઈપણ રીતે આવક મેળવતા ન હોય અને ઠરાવની અન્ય શરતો સંતોષતા વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત લાભ મેળવવા અરજી કરી શકે છે.

જે અંતર્ગત ઠરાવમાં દર્શાવેલ જોગવાઈઓ મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૨૩-૨૪ માટે https://shodh.guj.nic.in/ વેબસાઈટના માધ્યમથી ઓનલાઈન નવી અરજીઓ મંગાવવાની પ્રક્રિયા **તા.૨૧/૧૨/૨૦૨૩ થી શરૂ કરવામાં આવી છે. જેની છેલ્લી તારીખ ૨૯/૦૨/૨૦૨૪ છે.**

જે વિદ્યાર્થીઓ દ્વારા આ યોજના હેઠળ લાભ પ્રાપ્ત કરવા માટે ઉક્ત સમય મર્યાદામાં ઓનલાઈન એપ્લીકેશન વેબસાઈટ પર લોક કરવામાં આવેલ છે, તેઓએ તેમની યુનિવર્સિટી ખાતે પોતાના ઓરીજીનલ ડોક્યુમેન્ટનું વેરીફીકેશન કરાવવાના રહેશે. આ માટે **નીચે દર્શાવેલ ડોક્યુમેન્ટ્સ યુનિવર્સિટી નોડલ ઓફિસર સમક્ષ તા.૨૦/૦૧/૨૦૨૪ થી તા.૧૫/૦૩/૨૦૨૪ સુધીમાં ફરજીયાત રજુ કરવાના રહેશે.**

1. શોધ યોજનાનું સંપૂર્ણ વિગતો સાથેનું નિયત નમૂનામાં ઓનલાઈન ભરેલ ફોર્મ
2. સ્વપ્રમાણિત કોપી સાથેનું આધારકાર્ડ
3. એચ.ઓ.ડી./ ગાઈડ દ્વારા રજુ કરાયેલ બોનાફાઈડ સર્ટીફીકેટ
4. બેંક ખાતાની વિગતો (પાસબુકના પ્રથમ પેજ પરનું નામ, સરનામું, ફોટો વગેરેનો ઉલ્લેખ કરતી ઉકલી શકે તેવી નકલ અથવા કેન્સલ ચેકની નકલ) (આ બાબતે ખાસ ચકાસણી કરવી કે આપેલ બેંક ખાતા નંબર સાથે વિદ્યાર્થીનું આધાર કાર્ડ લીંક કરેલું હોય)
5. SSC/HSC માર્કશીટ અને પ્રમાણપત્ર તથા સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટ (LC)
6. સ્નાતક કક્ષાની માર્કશીટ અને ડિગ્રી પ્રમાણપત્ર
7. અનુસ્નાતક કક્ષાની માર્કશીટ અને ડિગ્રી પ્રમાણપત્ર
8. પીએચ.ડી. રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર અને ફી રસીદ
9. એચ.ઓ.ડી/ ગાઈડનું સહી સિક્કા વાળું રીસર્ચ પ્રપોઝલ
10. વિદ્યાર્થી દ્વારા સ્વ હસ્તાક્ષરે ભરેલ સેલ્ફ ડીકલેરેશન પ્રમાણપત્ર અને ગાઈડ,એચ.ઓ.ડી. અને નોડલ ઓફિસરની સહી સહિતનો બાંહેધરી પત્ર
11. રજીસ્ટ્રાર કે ઇન્સ્ટીટયુટના ડીરેક્ટર દ્વારા પ્રમાણિત યુનિવર્સિટી આઈડી- કાર્ડ

12. અનામત કેટેગરી/શારીરિક વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો)
13. આ યોજના માટે અરજી કરનાર દરેક વિદ્યાર્થીએ ઉપર દર્શાવેલ દસ્તાવેજો સહીત પોતાના પી.એચડી. વિષય/ટાઈટલને અનુલક્ષીને ૧૦ પાનાની સમગ્રલક્ષી ટૂંકી નોંધ તથા ૧૫-૨૦ સ્લાઈડની પીપીટી રજુ કરવી ફરજીયાત છે. જેમાં વિષય/ટાઈટલને લઈ પીએચ.ડી.નું આયોજન સાહિત્ય સર્વે/ગુણવત્તા અને સ્ક્રુટિની સમિતિ જે નક્કી થયેલ ધોરણોનું ધ્યાન રાખવાનું છે તે બધી બાબતો ધ્યાને લઈ તમામ ઉપયોગી બાબતોને નોંધ/રીપોર્ટ/પીપીટીમાં સમાવી લેવી. જેના આધારે ગુણાંકન થઇ શકે. વિદ્યાર્થીએ પોતાની સહી સાથે ગાઈડની સહી અને સિક્કા પણ અચૂક લેવાના રહેશે, અન્યથા અરજી અમાન્ય ગણાશે. આ બાબતો સિવાયની અરજી રદ્દ ગણવામાં આવશે જેની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.
14. અન્ય જરૂરી દસ્તાવેજ (નોડલ ઓફિસર/એચ.ઓ.ડી./કેસીજીની જરૂરિયાત મુજબ)

કોઇપણ અરજદારની અરજી સ્ક્રુટીની સમિતિ દ્વારા અમાન્ય ઠરે ત્યારબાદ કોઇપણ સંજોગોમાં પુનઃ માન્ય થઇ શકશે નહિ તેની ખાસ નોંધ લેવા વિનંતી છે. આ માટે કોઈ ભલામણ ન કરાવવી.

શોધ યોજનામાં અરજી માન્ય થયા પછી કોઇપણ લાભાર્થી નોકરી કરતા/આવક મેળવતા જણાશે, કે અન્ય સામાજિક સંસ્થા/રાષ્ટ્રીય કે અન્ય કોઇપણ પ્રકારની સ્કોલરશીપ પ્રાપ્ત કરતાં જણાશે તો તેઓને મળેલ સહાયની પૂરેપૂરી રકમ ઠરાવમાં દર્શાવ્યા અનુસાર ૧૮% વ્યાજ સાથે અચૂક પરત કરવાની રહેશે. વધુમાં જો કોઈ વિદ્યાર્થી ઉક્ત સ્ટાઇપેંડ મેળવ્યા બાદ પીએચ.ડી. અધૂરું છોડી દે અથવા જો વિદ્યાર્થી ૦૬ માસથી વધુ ગેરહાજર રહેશે તો તેણે લીધેલી તમામ રકમ ૧૨%ના દંડનીય વ્યાજ સહીત પરત કરવાની રહેશે. અન્યથા કાયદેસર પગલાં લેવામાં આવશે. આ બાબતે કોઇપણ રજૂઆત કે ફરિયાદ સાંભળવામાં આવશે નહિ. આ બાબતે કેસીજીમાં રજૂઆત ના કરવી.

**નોંધ: તમામ દસ્તાવેજોની સેલ્ફ એટેસ્ટેડ ઝેરોક્ષ નકલ જોડવાની રહેશે.**

શોધ યોજના માટે યુનિવર્સિટી ખાતે કાર્યરત યુનિવર્સિટી નોડલ ઓફિસરની માહિતી https://shodh.guj.nic.in/ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ઉક્ત સમય મર્યાદામાં યુનિવર્સિટીના નોડલ ઓફિસર પાસેથી ઓનલાઈન અરજીનું વેરીફીકેશન કરાવવાની જવાબદારી વિદ્યાર્થીઓની રહેશે. જો વિદ્યાર્થી યુનિવર્સિટી નોડલ ઓફિસર પાસે વેરીફીકેશન કરાવવામાં અસમર્થ રહેશે તો તેની અરજી શોધ યોજના માટે સ્ક્રુટીની કમિટી સમક્ષ રજુ થઇ શકશે નહી, તથા શોધ યોજના અંતર્ગત સહાય પ્રાપ્ત કરી શકશે નહી, અને અરજી ઉપર દર્શાવેલ સમયમર્યાદા બાદ આપોઆપ રદ ગણાશે, તેની ખાસ નોંધ લેવી.

જો વિદ્યાર્થીઓને વેરીફીકેશન માટે કોઈ મુશ્કેલી હોય તો તેમના યુનિવર્સિટી નોડલ ઓફિસરનો સંપર્ક કરવાનો રહેશે. વિદ્યાર્થીઓ તેમની અરજીઓનું સ્ટેટ્સ શોધ પોર્ટલ પર સ્ટુડન્ટ લોગ ઇન કરીને જોઈ શકશે.

તા.૧૮/૦૧/૨૦૨૪

પ્રો. એ. યુ. પટેલ, 18-1-24
એડવાઇઝર, કેસીજી
કોર્ડીનેટર, શોધ યોજના
પૂર્વ કુલપતિ, ગુજ. યુનિ.